# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન
# મોક્ષપ્રભાવક - જ્ઞાનપ્રકાશક

**■ ''મતિથકી માર્ગ'' - અને - ''મતિક્ષયે મોક્ષ'' ■**

**મોક્ષમાર્ગ એટલે શું ? અને મોક્ષ પ્રાપ્તી કેમ થાય? જગતનાં મોક્ષમાર્ગી ધર્મ સંપ્રદાયોમાં રહેલાં સમાન તત્વો એ મોક્ષમાર્ગ અને વિશેષે રહેલાં વિચાર લક્ષણો (વ્રત, તપ, ક્રિયા, ભક્તિ, ત્યાગ) એ સંપ્રદાયની ઓળખ લક્ષણો. મોક્ષમાર્ગનાં તત્વોનો આગ્રહ હોય અને સંપ્રદાયનાં લક્ષણોનો આદર ભાવ હોય, એ આત્મતત્વ પામવાની સર્વોત્તમ સંજોગ વ્યવસ્થા ગણાય. અને આત્મતત્વ પામીને સર્વ શ્રેષ્ઠ આત્મીક અવસ્થા પ્રાપ્ત થાય, એનું નામ મોક્ષમાર્ગ.**

**જીવે અનંત ભવભ્રમણમાં ભમતાં-ભમતાં થયેલો દેહાત્મભાવ ''એજ'' વિપર્યાસ બુધ્ધિ. વિપર્યાસ બુધ્ધિનાં કારણે શુભ-અશુભથી ઘેરાયેલું (બંધાયેલું) મન, અને શુભ-અશુભ મનનાં કારણે વિપર્યાસ બુધ્ધિ.**

**મન અને મતિ, મતિ અને મનથી છુટવાં જીવે ક્રમીકપણે મતિ થકી મન, અને મન થકી મતિની નિર્મળતા પ્રાપ્ત કરવાની,**
**મતિની નિર્મળતાએ અને શુભમન થકી (અશુભનો મનક્ષય) ''આત્મસાક્ષાત્કાર'',**
**અને નિર્મળમતિ થકી શુધ્ધમન (શુભ-અશુભથી મુક્ત મન) ''મનોનાશથી એક અવતારીપણું''.**
**અને નિર્મળમતિથી ભાવ-વિચાર-આહાર-વિહાર-નિદ્રા-વાણી-વર્તન-દ્રષ્ટિની સ્થિરતાં, ''જગત જ્ઞાન, જગત દર્શન''**
**અને તેને અનુરૂપ દેહ (યોગીક દેહ)ની તૈયારીએ દ્રવ્યે ''શ્રી કેવળીપણું'' અને આવતાં ભવે**
**પૂર્ણ નિર્મળમતિનો ક્ષય એ ''કેવળજ્ઞાન'', મન અને મતિ વગરનું જીવન એ ''કેવળજ્ઞાન''. કેવળજ્ઞાન એટલે મન અને મતિ વગરનું સદેહપણું એજ શ્રી કેવળજ્ઞાનીપણું**
**અને ''દેહનાં નિર્વાણથી મોક્ષ'', મન અને મતિનાં ક્ષય થયા પછી જે પ્રાપ્ત થાય તે ''મોક્ષ''.**

## જૈનો જાગો
રમેશ વેલાણી

**લેખાંક : ૫૪**

આપણે આગળનાં લેખાંકમાં શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામીએ પ્રકાશેલા, પ્રભાવેલાં અને શાસ્ત્રો સ્વરૂપથી પ્રસ્થાપેલા, આત્મધર્મ, સિધ્ધાંત બોધ, નિશ્ચયબોધ અથવા આત્મકલ્યાણબોધ જે નામે ઓળખવા હોય તે નામે ઓળખી શકીએ છીએ. અને જે જીવો શ્રી તીર્થંકર પરમાત્માને ઈષ્ટદેવ ગણે છે, તેમનાં બોધેલા જ્ઞાનમાર્ગ (નિશ્ચયબોધ)ને જે જીવો પોતાનો ધર્મ ગણે છે, અને જે શ્રી ધર્માચાર્યો નિશ્ચયબોધનાં સ્વરૂપને જાણીને, માનીને અને આરાધન કરતાં કરતાં અન્ય બાળજીવોનાં આત્મકલ્યાણાર્થે શ્રી તીર્થંકર પરમાત્માને માથે રાખીને (હૃદયમાં સ્થાપીને) અને વાણીમાં શ્રી તીર્થંકર પરમાત્માએ બોધેલા તત્વોનું અને લક્ષમાં ''શ્રી સમ્યગદર્શનનાં'' ભાવ રાખીને બોધ આપે છે, તે જૈન કહેવાય. અને તે જીવ શ્રી તીર્થંકર પરમાત્માનો સાચો-આરાધક-સેવક કહેવાય.

**એ ઉપયોગીનાં ઉપયોગને,**
**વાળ્યો,**
**ઉપયોગથી ઉપયોગમાં,**
**ઉપયોગનો ઉપયોગ કર્યો,**
**મળ્યું,**
**ઉપયોગીનું ઉપયોગીપણું.**

શ્રી તીર્થંકર પરમાત્માનાં નિર્વાણ પછી લગભગ ૨૫૦૦ વર્ષો સુધી જૈન આત્મધર્મનાં જ્ઞાનમાર્ગ ઉપર આવરણ આવવાનાં હતાં તે આવ્યાં અને ત્યારે મોક્ષમાર્ગનું સ્વરૂપ, યોગમાર્ગ અને ભક્તિમાર્ગે પ્રકાશ્યું અને તે પછી ૨૫૦૦ વર્ષો પુરાં થવા આવ્યા (૨૫૦૦ વર્ષોનાં સમયગાળાનાં પ્રમાણમાં ૨૫ કે ૫૦ વર્ષનો તફાવત સામાન્ય ગણાય) ત્યારે શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામીએ આપેલો જ્ઞાનમાર્ગનો બોધ પુનઃ પ્રકાશીત કરવા માટે જ્ઞાની સ્વરૂપનો જન્મ ધારણ કરીને એક અવતારીપણું **(દ્રવ્યથી-ભાવથી-લક્ષણથી અને ગુણ સ્વભાવથી ૭મું ગુણસ્થાનકનું જીવન જીવીને)** પામીને અને ૮માં ગુણસ્થાનકની સાધનાનો આરંભ કરીને દ્રવ્યથી, ભાવથી અને લક્ષણો પ્રાપ્ત કરીને (કેવળજ્ઞાનનાં ગુણ સ્વભાવે) પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ (શ્રી તીર્થંકર મહાવીર સ્વામી ભગવાને અનુભવીને આપેલો ''સહજ રાજયોગ'')નાં યોગમાં જઈને દ્રવ્યે શ્રી કેવળી ભગવંતપણું પ્રાપ્ત કરીને શ્રી તીર્થંકર પરમાત્માનાં ''જ્ઞાનમાર્ગ''ને પુનઃ પ્રકાશીત કરવાનું કાર્ય કરીને અને લાખોની સંખ્યામાં બાળજીવોને શ્રી તીર્થંકર પરમાત્માનાં માર્ગમાં મૂકીને, જૈન ધર્મનાં જ્ઞાનમાર્ગનાં પ્રથમ જ્ઞાન પ્રકાશક અને જૈન સંપ્રદાયનાં જીવો ઉપર નિષ્કામ કરૂણાં દ્રષ્ટિ રાખીને ચડાવેલો ઉપકાર, તે પરમ ઉપકાર ચડાવનાર શ્રીમદ્ રાજચંદ્રદેવ કે જેને દ્રવ્યે ''શ્રી કેવળી ભગવંત કહેવાય''. **(પાંચમાં આરા માટે ફક્ત કેવળજ્ઞાન ગુણ સ્વભાવનો એટલે કે કેવળજ્ઞાનનો નિષેધ છે, દ્રવ્યે કેવળી ભગવંતનો નિષેધ નથી)**. તેમને અત્યંત અહોભાવથી તેમનો પરમ ઉપકાર માનીને ભવભવાંતરની કોટી કોટી ત્રિકાળ વંદના.

**જ્ઞાન ''એજ'' જ્ઞાન છે.**
**આત્માનાં ઉપયોગ સહિતનું કોઈપણ પ્રકારનાં શુભા-શુભ કાર્યો કે જે કાર્યો, ઉપકારી ભાવે, કે આશ્રીતભાવે, કર્તવ્ય સ્વરૂપે કે કરૂણાં દ્રષ્ટિથી, નિષ્કામ ભાવે કે સાત ભય રહીતનાં કારણે, નમ્રતા સહિતનું જીવન એ જ્ઞાન ઉપયોગી જીવન ગણાય. અને જ્ઞાન ઉપયોગી જીવન એજ આત્મલક્ષી જીવન ગણાય કે જે જીવનમાં દરેક સમયે - દરેક ક્ષેત્રમાં અને દરેક પદાર્થો માટે અને દરેક જીવો સાથે આત્માનાં ઉપયોગ સહિતનો જીવન વ્યવહાર સબંધથી રહેવાય એજ આત્મ ઉપયોગી જીવન છે. અને એજ જ્ઞાન ઉપયોગી જીવન છે. અને એજ જ્ઞાન ઉપયોગી જીવન જ્ઞાન સ્વભાવ બનાવે છે. જ્ઞાન સ્વભાવ એજ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ એજ કેવલ જ્ઞાન, કેવળજ્ઞાન એજ જ્ઞાન, જ્ઞાન એજ ઉપયોગ, જ્ઞાનનો ઉપયોગ, જ્ઞાન માટેનો ઉપયોગ અને ઉપયોગમાં જ્ઞાન પ્રકાશાવવાનું જ્ઞાન એજ કેવળજ્ઞાન, અને કેવળજ્ઞાન એજ જ્ઞાન ઉપયોગ,**
**અને**
**જ્ઞાન ઉપયોગ એજ જ્ઞાન સ્વભાવ,**
**(એક સમય માટે પણ અજ્ઞાન ન હોય)**
**એજ ''કેવળ'' જ્ઞાન**
**એજ કેવળ સ્વરૂપનું જ્ઞાન અને**
**એજ કેવળ સ્વરૂપનું જ્ઞાન એજ અનુભવ.**
**સ્વભાવનું ''કેવળ'' જ્ઞાન-જ્ઞાન અને જ્ઞાન.**
**જ્ઞાન એજ જ્ઞાન છે.**

શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં જ્ઞાનસહિતનાં મોક્ષમાર્ગ ઉપર આવેલાં આવરણો હટાવવાનું કાર્ય લગભગ છેલ્લાં ૧૦૦ વર્ષોમાં જૈન ધર્મનાં સંપ્રદાયમાં થયેલાં યુગપ્રધાન-યુગમહાપુરુષો એવાં શ્રી ધર્માચાર્યોએ કર્યું. આવા યુગપ્રધાન શ્રી ધર્માચાર્યો કે જેમણે શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો-સ્થાપેલો અને શાસ્ત્રો સ્વરૂપ રચાયેલા આત્મધર્મ (નિશ્ચયબોધ)ને જાણ્યો, માન્યો અને આત્મધર્મને જીવનમાં ઉતારીને આત્મસાત કર્યો અને ધારણ કરેલા નિશ્ચયબોધનાં કારણે જાગૃત થયેલું પ્રચંડ યોગબળ અને બળવાન યશનામકર્મને કારણે અને આત્મધર્મમાં સ્થિરતા થવાથી અને મોક્ષમાર્ગનાં સિધ્ધાંતોને અનુભવવાથી આત્મામાં આવેલું અડગપણું, અવિચળપણું અને આત્મીક મક્કમતાને કારણે જાગેલું આત્મબળ થકી શ્રાવક-શ્રાવિકાઓ અને સાધુ-સાધ્વીજીઓને લાખોની સંખ્યામાં શ્રી તીર્થંકર પરમાત્માનાં જ્ઞાનમાર્ગી મોક્ષમાર્ગમાં (શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં શાસનમાં) લાવવાનું અને ટકાવવાનું મહાન કાર્ય કર્યું. **''આવા યુગ પુરૂષોએ એકે-અનેકોને તૈયાર કરીને અનેકાનેક બાળજીવોને અનેકાંતવાદમાં લાવીને જૈનધર્મને પુનઃ સ્થાપીત કરીને શ્રાવક-શ્રાવિકાઓને સાચો ધર્મ સમજાવીને અને સાધુ-સાધ્વીજીઓને સત્ય ધર્મ સમજાવીને, મનાવીને, નિશ્ચયબોધનાં આરાધક સેવકો બનાવીને બાળજીવો ઉપર અને જૈન સંપ્રદાય ઉપર ન ઉતારી શકાય તેવો પરમ ઉપકાર કર્યો છે.''** આવા મહાન મહાપુરૂષોએ આપેલાં

**આત્માની અવસ્થાએ વર્તે એ ''જ્ઞાન'' છે.**
**વય-વેશની વ્યવસ્થાએ વર્તે એ ''અજ્ઞાન'' છે.**

નિશ્ચયબોધની જે શ્રી ધર્માચાર્યો આરાધન સાધનાં કરતાં હોય તેવાં શ્રી ધર્માચાર્યોની નિશ્રા પ્રાપ્ત કરીને બાળજીવો પોતાનાં આત્માનું કલ્યાણ સાધે એજ મહાપુરૂષોનાં ઉપકારમાન્ય ગણીને કરેલી અહોભાવથી વંદના ગણાય. જ્ઞાની મહાપુરૂષો બાળજીવો આત્મકલ્યાણ પામે તેવી કરૂણાં દ્રષ્ટિથી જ્ઞાનમાર્ગ અને જ્ઞાન સાધના બતાવે છે, તેઓને બાળજીવો પાસેથી કશું ઈચ્છા નથી અને બાળજીવો આપી પણ શું શકવાનાં છે. **(જ્ઞાનથી મોટો જગતમાં કોઈ કિંમતી પદાર્થ નથી. જ્ઞાન એ સામાન્ય પદાર્થને અસામાન્ય બનાવી દે, તેવું તેનું અમુલ્ય દુર્લભપણું છે. જ્ઞાન એજ જ્ઞાન છે.)** માટે બાળજીવો પોતાનાં આત્માનું કલ્યાણ ઈચ્છતા હોય તો તેમણે વય-વેશનો આગ્રહ છોડીને, મત-મતાંતરનો ભેદ કાઢીને ટૂંકી દ્રષ્ટિવાળા જીવોએ બાંધેલા નાના-નાના પક્ષોનો પક્ષાંતર કરીને, શ્રી તીર્થંકર પરમાત્માનો પક્ષ (આત્મધર્મનો) લઈને, **નિશ્ચયબોધની, નિશ્ચય શ્રી ધર્માચાર્યોની નિશ્રામાં, નિશ્ચય કરીને, નિશ્ચય જાણીને, નિશ્ચીતપણે, નિશ્ચીત થવાં (ભવભવાંતરથી), નિશ્ચયની આરાધન ભક્તિ એજ બાળજીવોનું આત્મકલ્યાણ બને, અને એજ યુગ પુરૂષોની વંદનાં સહિત ઉપકાર માન્યો ગણાય**

**એ નિશ્ચયનાં નિશ્ચય થકી,**
**જાણ્યું નિશ્ચિત રૂપ,**
**કર્યો નિશ્ચય નિશ્ચયનો,**
**પામ્યો નિશ્ચીત સ્થાન.**

(બાળજીવો માટે ધર્મ આરાધનની શ્રેષ્ઠ અને સલામત સ્થિતી સંજોગ શ્રી ધર્માચાર્યોની નિશ્રા ગણાય અને છે.

**અનુસંધાન પાના નં ૧૫ પર →**

**અનુસંધાન પાના નં ૧૪ થી ચાલું**

**જ્ઞાન ''એજ'' જ્ઞાન છે.**

**કોઈપણ સમયે, કોઈપણ ક્ષેત્રે, કોઈપણ સંપ્રદાયે કે કોઈપણ વેશે કે ગમે તે અવસ્થાએ,**
**જ્ઞાનની આરાધનાએ કેવળજ્ઞાનની પ્રાપ્તી**
**અને**
**જ્ઞાનની વિરાધનાએ કેવળ ભ્રમણની પ્રાપ્તી.**
**જ્ઞાનની આરાધના એજ ભવમુક્તિ**
**અને**
**જ્ઞાનની વિરાધના એજ ભવબંધન.**
**વેશનાં આગ્રહે જ્ઞાનને ન માનવું એજ મિથ્યાત્વ,**
**અને**
**મિથ્યાત્વ એજ ''જ્ઞાનને'' અજ્ઞાન ગણવું.**
**જ્ઞાનનાં આગ્રહે જ ''જ્ઞાનને'' માનવું એજ સમકિત**

***

**શ્રી તીર્થંકર પરમાત્મામાં શ્રધ્ધા, તેમનાં રચાવેલાં સિધ્ધાંત શાસ્ત્રોમાં શ્રધ્ધા.**
**''પણ''**
**તેમણે ફરમાવેલા મોટા ભાગનાં શ્રાવકપણાંનાં એક અવતારી (દ્રવ્યે કેવળી ભગવંત) માટેની અશ્રધ્ધા (ન માનવું) તો એ કેવા પ્રકારની શ્રધ્ધા-નિશંક શ્રધ્ધા ગણાય ?**
**જ્યાં શ્રધ્ધા - નિશંક શ્રધ્ધા ન વર્તાય**
**તો**
**સમ્યગદર્શન કેવી રીતે સ્થપાય ?**
**જ્ઞાન જીવનમાં પરીણામ પામે એજ**
**સમ્યગદર્શન ''અને''**
**જ્ઞાન રહીતનું જીવન એજ અજ્ઞાન દર્શન.**
**બંને દર્શન બંને અવસ્થામાં હોય,**
**જ્ઞાનને વેશ બાંધી શકતું નથી.**
**જ્ઞાનને વય રોકી શકતું નથી.**
**જ્ઞાન વય - વેશથી પર છે.**
**જ્ઞાન અવસ્થા એજ જ્ઞાન છે.**
**અને સર્વ અવસ્થામાં પ્રકાશીત થાય એજ જ્ઞાન.**
**જ્ઞાન એજ જ્ઞાન છે.**

જ્ઞાનમાર્ગ જાણવો ગમે ત્યાથી પણ આરાધન (શ્રી ગુરૂપણું) તો શ્રી ધર્માચાર્યનું જ ગ્રહણ કરાય).

વર્તમાન કાળમાં, વર્તમાન ક્ષેત્રમાં બાળજીવોને આત્મકલ્યાણ કરવાની મળેલી શ્રેષ્ઠ સંજોગ અવસ્થા એ બાળજીવોનું સદ્ભાગ્ય ગણાય. (આત્મધર્મની આરાધના માટે સ્વાવલંબીપણું અને સશક્ત પુરૂષાર્થ માટે વયમર્યાદા અને સમાજ વ્યવસ્થા અને રાજ્ય અવસ્થાએ આત્મ કલ્યાણનાં અનુકૂળ સાધન વ્યવસ્થા ગણાય અને શ્રી ધર્માચાર્યોની નિશ્રા શ્રેષ્ઠ સંજોગ ગણાય) અને જ્ઞાનમાર્ગ પ્રકાશીત થયો તે કાળદોષનું નિવારણ ગણાય. ત્યારે જૈન સંપ્રદાયનો મોટો વર્ગ આત્મધર્મ (નિશ્ચયબોધ)થી દુર શામાટે રહે છે કે રહ્યો, તેની વિચારણાં ભાવિ લેખાંકમાં યોગે કરીને વિચારશું. ચાર ગતીમાં ફરતાં જીવોને મુક્તિનાં ચાર કારણોની ઉતરોત્તર દુર્લભતાની વિચારણાં આગળનાં લેખાંકોમાં કરી હતી. તેનાં અનુસંધાનમાં જીવને લગભગ ૮૪ લાખ ઉત્પત્તીનાં સ્થાનમાં સર્વ શ્રેષ્ઠ એવું મનુષ્યપણાંનું સ્થાન ગણ્યું છે. ત્યારે જીવે મનુષ્યપણાંમાં શું પ્રાપ્ત કરવાનું છે અને તે પ્રાપ્ત ન થાય તો મનુષ્ય ભવ નિષ્ફળ ગણાય તેની સાદી અને મુખ્ય મુખ્ય લક્ષણોની વિચારણાં કરીએ.

૧) જીવને જ્યારે મોક્ષમાર્ગી સંપ્રદાયમાં જન્મ મળ્યો હોય ત્યારે જો જીવને શ્રી ઈષ્ટદેવે સ્થાપેલો અને આપેલો આત્મકલ્યાણકારી બોધ જાણવામાં-સાંભળવામાં કે સમજવામાં ન આવે તો તે જીવનું મનુષ્યપણું અને જૈનકુળનું નિષ્ફળપણું કર્યું ગણાય.

૨) જે જીવને મોક્ષમાર્ગી સંપ્રદાય મળ્યો હોય અને તે સંપ્રદાયનાં શ્રી ઈષ્ટદેવે આપેલો આત્મકલ્યાણકારી બોધ સાંભળવામાં આવે-જાણવામાં આવે છતાં જીવને માનવામાં ન આવે (ન માનવાનું કારણ કાં જીવની મુંઢતા અથવા પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્યોમાં મુકેલી અંધશ્રધ્ધાથી દોરવાઈને ન માનવો) તે જીવોનું મનુષ્યપણું અને જૈનકુળમાં જન્મ્યાનું નિષ્ફળપણું ગણાય.

૩) જે જીવને મોક્ષમાર્ગી સંપ્રદાય મળ્યો હોય અને તે સંપ્રદાયનાં શ્રી ઈષ્ટદેવે આપેલો- આત્મકલ્યાણકારી બોધ સાંભળવામાં આવ્યો-જાણવામાં આવ્યો-માનવામાં આવ્યો છતાં આરાધન ન કરે (લોકઅભિપ્રાય કે કુળપરંપરાએ કે પછી નામભાવ અને માનભાવનાં કારણે અથવા શ્રી ધર્માચાર્યનાં ભયનાં કારણે) તે જીવનો મનુષ્ય ભવ નિષ્ફળ કર્યો ગણાય.

૪) જે જીવે આત્મકલ્યાણની (મોક્ષમાર્ગની) જાણકારી લીધા વગર સંસાર ત્યાગીને સાધુપણું લીધું હોય, [ત્યાગ લેતી વખતે પોતાનાં સ્વભાવને અનુરૂપ અને અનુકુળ શ્રી ધર્માચાર્યને ગુરૂ પ્રાપ્ત કર્યા (ગુરૂ માન્યાં) હોય] અને એ સાધુપણાંમાં નિશ્ચયબોધ માન્યો નથી-મનાવ્યો નથી અને આરાધન કર્યુ નથી, તે જીવનું મનુષ્યપણાંનું સાધુભવનું નિષ્ફળ કર્યુ ગણાય. શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં આપેલા બોધની બદલે અન્ય પ્રકારનો (પુણ્યલક્ષી) બોધ લેવો-આપવો અને આરાધવાવો તે જ્ઞાનની અને શ્રી તીર્થંકર પરમાત્માની વિરાધનાં કરી ગણાય અને વિરાધનાનું ફળ જીવને અનંત ભવો સુધી જ્ઞાન-જ્ઞાની અને શ્રી તીર્થંકર પરમાત્માનો વિયોગ અને તે વિયોગનાં કારણે પ્રાપ્ત થતું ''અજ્ઞાન'' અને અજ્ઞાનનાં કારણે અનંત ભવ ભ્રમણ અને અનંતા - અનંત દુ:ખ દુ:ખ અને દુ:ખ. જીવને મોક્ષમાર્ગ-આત્મધર્મ-નિશ્ચયબોધ વર્તમાન ભવમાં ન મળવાનું કારણ-ન માનવાનું કારણ-ન ગમવાનું કારણ પૂર્વનાં ભવોમાં કરેલી જ્ઞાનની ''વિરાધનાનું ફળ'' અને એજ ભુલ વર્તમાનમાં કરવાથી ભાવી ભવમાં આજ બાળજીવની પરિસ્થિતીનું નિર્માણ.

**''પૂર્વની ભુલનું વર્તમાન ભવમાં ભુલનું ઉદયપણું અને તે ઉદયપણાંમાં પૂર્વની ભુલનું પુનરાવર્તન એજ ભુલમાં ભુલને-ભુલથી ભેળવીને ભુલનું ભુલમાં ભેળવીને, ભવ ભ્રમણ ભમવાની ભુલ ભોગવવી''.**

## * સંત-સંગ *

**''જ્ઞાન એજ સંતસંગ, સત્સંગ એજ જ્ઞાન''**

**મતિજ્ઞાન - શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન - મન:પર્યવજ્ઞાન, સહિતનું ૭માં ગુણસ્થાનકનાં ગુણ-લક્ષણ-સ્વભાવ સહિતનું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પર (તંત્ર-મંત્ર, જ્યોતિષ ગ્રહોની અસરથી પર) કર્મનાં ઉદયથી, ઉદય પ્રમાણેનું જીવન, પૂર્ણ આત્મસ્વાવલંબીપણું, પાપ-પુન્યથી પર, યાચકપણું ટાળીને જગત ઉપકારીભાવ ગ્રહીને-નિષ્કામ કરૂણાંદ્રષ્ટિની સ્થિરતાએ, સદેહે મનોનાશનાં કારણે-ઈચ્છા રહીતની સ્થિતીએ, સંતોષીપણાંનાં ભાવે, અલ્પ આહાર-અલ્પ નિંદ્રા (સુધારસ-શાંતરસ-મુખરસ)નાં કારણથી અને નિર્દોષ આહાર (સ્વયં અર્થે નહીં), અન્ય બાળજીવોનાં ભાવાનુંભાવનાં યોગથી, નિર્વિચાર-નિર્વિષય અને નિર્વિકલ્પ યોગનાં કારણથી (વિચાર વિહિન સ્થિતીથી) નિર્વિકલ્પ સમાધિયોગ અને તેનાં કારણે શુધ્ધત્વ ભાવસહિતનું ધ્યાન, (શ્રી તીર્થંકર પરમાત્માની સાધનાં (ઉદયકર્મથી)નાં સમય અવસ્થાનો યોગ). અને તેનાં ફળ પરિણામ સ્વરૂપ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અભ્યંતર યોગ ચારિત્રનું બળવાનપણું અને અનંતવીર્ય ગુણલબ્ધીઓનું પ્રકાશ્યમાન થવું અને તેનાં ફળ સ્વરૂપથી જ્ઞાનમાર્ગ પ્રકાશીત કરવો, આત્મા જ્ઞાન સ્વભાવ અને આત્માનાં ગુણે, સ્વપ્રકાશીત પરપ્રકાશીત કરવા. ગુણભાવનાં યોગથી, અને નિરંતર શ્રી તીર્થંકર પરમાત્માનો અનુભવગમ્ય ઉપકાર જાણીને, અને પૂર્વમાં પ્રત્યક્ષ સદ્ગુરૂનો પરમ ઉપકાર અનુભવિને, અને શાસ્ત્રોનો આધાર ઉપકાર માનીને, શ્રી તીર્થંકર પરમાત્માનું નામ સ્મરણ અને શાસ્ત્રોમાં રહેલાં તત્વોનું સતત આત્મ ઉપયોગે ચિંતન, એજ એક અવતારીનું જીવન સાફલ્ય અને એજ દ્રવ્યે કેવળીપણું પ્રાપ્ત થવાનું કારણ અને તેજ ફળ સ્વરૂપથી ભાવ-લક્ષણો અને યોગીક દેહથી**

**શ્રી કેવળી ભગવંત.**

જે જીવો જ્ઞાનની વિરાધનાથી બચે છે અને જ્ઞાનની વિરાધનાંથી બચીને રહે છે અને જે જીવો જ્ઞાનની વિરાધનાથી દુર થયાં છે, તે જીવો જ મોક્ષમાર્ગ-આત્મકલ્યાણનાં માર્ગમાં આવે છે. જ્ઞાનની વિરાધનાં ન કર્યાનું ફળ, જ્ઞાન સહિત મોક્ષમાર્ગની પ્રાપ્તી અને મોક્ષમાર્ગમાં આવ્યા પછી જ જ્ઞાનની આરાધનાં થાય છે. અને જ્ઞાનની આરાધનાનું ફળ ''મોક્ષ''. જીવ જ્યારે જ્ઞાન-જ્ઞાની અને શ્રી તીર્થંકર પરમાત્માનાં સ્વરૂપથી જ અજાણ અને અજ્ઞાન છે, તો પછી જીવ જ્ઞાનની આરાધનાં કરે કેવી રીતે? માટે એમ કહેવાય કે જે જીવ જ્ઞાનની વિરાધનાથી બચે છે, તેમને જ્ઞાનની-જ્ઞાનીની અને શ્રી તીર્થંકર પરમાત્માનાં સ્વરૂપ જાણવાની (સત્ય જાણવાની) ઝુરણાંનો ગુણ પ્રગટ થયો ગણાય અને તેથી તેવાં જીવોને

**એ નિશ્ચયનાં ''સારથી'',**
**છુટ્યો અજ્ઞાનનાં ''સારથી'',**
**ધર્યો નિશ્ચયનો ''સારથી'',**
**થયો નિશ્ચીત ''સારથી''.**

આત્મકલ્યાણનો શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો-સ્થાપેલો અને શાસ્ત્રો સ્વરૂપ પ્રભાવેલાં બોધનો યોગ થાય, જ્ઞાનની આરાધનાં કેવા પ્રકારથી કરે અને જ્ઞાનની વિરાધનાં જીવ કેવા-કેવા પ્રકારથી કરે તેની વિચારણાં ભાવી લેખાંકમાં યોગે કરીને વિચારશું.

**જે જીવ જ્ઞાનની વિરાધનાથી બચે,**
**''એજ''**
**જીવ મુક્તિનો માર્ગ પામે.**
**જે જીવ મુક્તિનો માર્ગ પામે,**
**''એજ''**
**જીવ ભવ મુક્ત થાય.**

શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં જ્ઞાનનાં મોક્ષમાર્ગનાં (શાસન) ઉપર આવેલાં આવરણો હટાવવાનું અને જ્ઞાનમાર્ગને પુન: પ્રકાશીત કરવાનું કાર્ય હેતુપૂર્વક જન્મ ધારણ કરીને ૭માં ગુણસ્થાનકમાં આવવાનો ભવ્ય પુરૂષાર્થ કરીને અને ૭માં ગુણસ્થાનકનો ગુણ સ્વભાવ પ્રગટાવીને એક અવતારીપણું પ્રાપ્ત કરીને (આવતાં ભવે મોક્ષગમન) અને ૮માં ગુણસ્થાનકનો પુરૂષાર્થનો આરંભ

**મુક્યું માન ને નામનું,**
**છુટ્યો મનનો ભાર,**
**કર્યો રાસ આત્માર્થનો,**
**થયો દેહાર્થી રકાસ.**

કરીને દ્રવ્યે કેવળી ભગવંતપણું પામીને શ્રી તીર્થંકર પરમાત્માનો જ્ઞાનમાર્ગ પુન:પ્રકાશીત કરનાર શ્રીમદ્ રાજચંદ્ર કેવળી ભગવંતને ફરી-ફરીને ત્રિકાળ વંદના. આવા પરમ પુરૂષે આત્મામાંથી જ્ઞાન પ્રગટાવવાનો કરેલો બળવાન પુરૂષાર્થ (૭માં ગુણસ્થાનક)ની વિચારણા કરીએ. **જીવ જ્યારે ૬ઠ્ઠા ગુણસ્થાનકમાં હોય છે, આત્મસાક્ષાત્કાર પામે છે. આત્મા અને દેહની ભિન્નતાં અનુભવવા આત્માનો ઉપયોગ આત્મા તરફ વાળીને આત્મા-આત્માને જોવે-જાણે અને આત્માને આત્માનાં ઉપયોગ થકી અનુભવે (આત્માનું સદા ઉપયોગપણું એ આત્માનાં ગુણ છે.) અને આત્માનાં અસંખ્યાત પ્રદેશોનું જ્ઞાન જાણીને અનુભવે ત્યારે આત્મસાક્ષાત્કાર પામે છે. અને જીવે નિગોદમાંથી નિકળીને ક્યારેય પોતાનાં સ્વરૂપને જોયુ નથી-જાણ્યું નથી અને અનુભવ્યું નથી (અનુભવ કરતા આવડતું નથી એમ કહીએ તો યથાર્થ ગણાય) અને જ્યારે અનુભવતા આવડ્યું ત્યારે પોતાનાં સ્વરૂપને વારંવાર જોવાનું અને અનુભવવાનો અવર્ણનિય આનંદ માણવાનું વારંવાર મન થવાથી આત્માનાં**

**જે નિશ્ચયનાં બોધથી,**
**જાણ્યું સકલ જગત,**
**માન્યું જગત સ્વરૂપને,**
**પામ્યો આત્મ સ્વરૂપ.**

**ઉપયોગને ઉપયોગમાં વારંવાર વાળે અને વાળીને પાછો ફરે ત્યારે અનંતું જ્ઞાન બહાર (નિર્મળ બુધ્ધિ વાટે) પ્રકાશાવે, અને જે જ્ઞાન પ્રકાશ થાય, તેને આત્માનુભવિનું જ્ઞાન, આત્માનું જ્ઞાન અને શાસ્ત્રોનાં**

**અનુસંધાન પાના નં ૧૬ પર →**

**Website : www.jainojago.com**

અનુસંધાન પાના નં ૧૫ થી ચાલું

**સાર સ્વરૂપનું જ્ઞાન કહેવાય.** અહિંયા જીવને શ્રાવકપણાંમાં હોવા છતાં (અભ્યંતર ચારિત્રનાં કારણે અને તેનાં ફળ સ્વરૂપ અશુભનાં આરંભનો અને પરિગ્રહનો ક્ષય થવાથી) સંસારભાવનાં ક્ષય થવાથી અને શુભનો આરંભ અને પરિગ્રહ ચાલુ રહેવાથી બળવાન સકામ કરૂણાં દ્રષ્ટિનો ભાવ જાગૃત થવાથી અન્ય બાળજીવોને આત્મલક્ષી બનાવવા અને અલ્પ ભવોમાં મોક્ષપ્રાપ્તી કરીને સંસારનાં અનંત ભવ-ભ્રમણ અને અનંતા દુ:ખોથી મુક્ત કરાવવા માટે બાળજીવોનાં આત્મકલ્યાણાર્થે સંપ્રદાયનું સ્થાપન કરે છે. અને પરંપરાથી પર થઈને, બાળજીવોની પાપ-પુણ્યની પ્રકૃતિનો ક્ષય કરાવે છે. અને સમ્યગ દર્શનનાં પ્રમુખ-મુખ્ય પાંચ અંગોનું આરાધન કરાવીને ઘણાં બાળજીવોને ભાવે માર્ગાનુસારી બનાવે છે. અને ઓછામાં ઓછા બે જીવોને અને વધારેમાં થોડા વધારે જીવોને સમ્યગદર્શન પ્રાપ્ત કરાવે છે. અને સંપ્રદાય ચલાવે છે. **આત્મસાક્ષાત્કાર જીવને જે અવસ્થાએ થાય છે, પછી જીવ તે અવસ્થા બદલાવતાં નથી. અથવા એમ કહો કે બદલી શકતાં નથી.** [ન બદલવાનું કારણ તે સંજોગ પદાર્થો નડતર ન હતાં તેથી આત્માનો અનુભવ થયો અને જે થકી (પદાર્થ, જીવ કે અજીવ) અનુભવ થયો તેનો પરમ ઉપકાર ગણીને તે જીવ કે પદાર્થને લોકાર્થે ત્યાગે નહીં.] (એની વિશેષ વિચારણાં ભાવિ લેખાંકોમાં યોગે કરીને કરીશું.) અને શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલાં બોધમાં અને તે બોધ શાસ્ત્રો સ્વરૂપ રહેલો છે. તેમાં સ્પષ્ટ ફરમાવ્યું છે કે જે જીવોએ ભવભ્રમણથી મુક્ત થવું હોય અને અલ્પભવિ બનવું હોય તેવાં જીવોએ

> **જે, જ્ઞાન-જ્ઞાની અને જિનેશ્વરને ઓળખે તે**
> **''આત્મલક્ષી''**
> **''અને''**
> **જે, મત-માન્યતાં અને વેશથી ઓળખે તે**
> **''દેહલક્ષી''**

''જેમણે દેહ અને આત્માની ભિન્નતા જાણી છે, દેહ અને આત્માની ભિન્નતા માની છે, અને દેહ અને આત્માની ભિન્નતા અનુભવી છે.'' તેવાં અનુભવિનાં આશ્રયે જઈને, દેહ અને આત્માની ભિન્નતા જાણવા, માનવા અને અનુભવવા માટે તેમની આજ્ઞા એજ ધર્મ અને તે આજ્ઞાની ઉપાસના એજ તપ એવું સ્પષ્ટપણે શાસ્ત્રોમાં મોક્ષ પ્રાપ્તી માટે બતાવ્યું છે, તેમાં શ્રાવકપાણાનો કે સાધુપણાનો ભેદ બતાવ્યો નથી (શ્રાવકપણું અને સાધુપણું એ બાહ્ય અવસ્થા છે, જે અવસ્થાએ બળવાન વૈરાગ્ય સહિત અભ્યંતર ચારિત્ર પ્રગટાવે તે સાધુ કહેવાય).

આવા પ્રકારથી આત્માનુભવિ મહાપુરૂષોમાં પ્રગટ થયેલાં ૩૬ ગુણોયુક્ત અને વિશેષ અનેક ગુણો અને લબ્ધીઓનાં કારણે પ્રગટ થયેલું જ્ઞાનબળ, યોગબળ, નિર્મળ બુધ્ધિબળ અને તેનાં ફળ સ્વરૂપે, જ્ઞાન રિધ્ધી, આરોગ્ય પ્રદાન લબ્ધી અને વચન સિધ્ધીનાં કારણે અને અપૂર્વ જ્ઞાન સહિત-વૈરાગ્ય પ્રેરીતનાં ગુણોનાં કારણે તેમનાં સંપ્રદાયમાં અનેક જીવો આવીને પ્રત્યક્ષ સદ્‌ગુરૂને આરાધ્યાનું આત્મીક વિકાસ ક્રમનું પરીણામ પ્રાપ્ત કરે છે અને તેમની ગેરહાજરીમાં (નિર્વાણ પછી) પણ તેમનાં લખાણ અને સદેહે સ્થાપેલા

> **શ્રી યોગેશ્વરનાં યોગથી,**
> **કરી મોક્ષની મંત્રણા,**
> **મંત્ર થકી યાત્રા કરી,**
> **કરી ધર્મની યંત્રણા.**

નિયમોમાં રહીને બાળજીવો આત્મીક પરીણામ પ્રાપ્ત કરે છે. આવા આત્માનુભવિને ''સદ્‌ગુરૂ''-''સંત'' કહેવાય છે. અને તેમને માનવાવાળા બાળજીવોને શ્રધ્ધાનાં કારણે અને સદ્‌ગુરૂનું બળવાન ''યશનામકર્મ'' પ્રકાશીત થવાથી તેમની ગેરહાજરીએ પણ તેમનાં નામનું સ્મરણ કરવાથી જીવનમાં આધી-વ્યાધી અને ઉપાધી આવતી નથી અને આવે તો પણ ટળી જાય છે. (તેનાં કારણે જીવ પુણ્યલક્ષી બનતો નથી) અને શ્રી તીર્થંકર પરમાત્માને અને સદ્‌ગુરૂને આત્મીક શાંતિ અર્થે શ્રધ્ધા સહિત, ઉપકાર માથે ચડાવીને તેમની ભક્તિ આરાધના કરે છે, ત્યારે તે જીવ ''જ્ઞાન વિરાધનાનાં દોષ ટાળે છે''. આવા આત્માનુભવિ સદ્‌ગુરૂને મોક્ષ પ્રભાવક કહેવાય અને તેમને **''સંપ્રદાયનાં સંત''** કહેવાય. તેમનાં સંપ્રદાયને માનતાં બાળજીવોનો આત્મીક ઉધ્ધાર કરે છે માટે, આ ગુણસ્થાનકમાં આવીને અને રહીને શ્રીમદ્ રાજચંદ્ર કેવળી ભગવંતે (શ્રાવકપણામાં) સકામ કરૂણાં દ્રષ્ટિ ગોપાવીને, ધર્મનાં સંપ્રદાય સ્થાપવાની પૂર્ણ ગુણ યોગ્યતાને દબાવીને ધર્મનું મોટું માન લેવાની વૃત્તિને ત્યાગીને સંસારી અવસ્થામાં પ્રતિકુળ ક્ષેત્ર, પ્રતિકુળ જીવોની સાથે રહીને, પ્રતિકુળ સંજોગ અવસ્થામાં રહીને બળવાન આત્મ ઉપયોગ ધારણ કરીને અનંત વીર્યનું ઉર્ધ્વગમન કરીને અને મુખ્યપણે શ્રી તીર્થંકર પરમાત્માનું આદર્શ લક્ષ સ્થાપીને ૭માં ગુણસ્થાનકનો ગુણ સ્વભાવ બનાવીને હેતુપૂર્વકનાં જન્મને એક અવતારીપણામાં લાવીને ''મન:પર્યવજ્ઞાન'' પ્રાપ્ત કર્યું. મન:પર્યવજ્ઞાન એટલે મનથી આગળ વધીને અન્ય જીવોનાં ભાવ જાણવાનું જ્ઞાન અને આગળનું એટલે અન્ય ક્ષેત્રમાં વસતાં જીવોનાં ભાવ જાણવાનું જ્ઞાન. તેને મન:પર્યવજ્ઞાન કહેવાય, જેને જૈનધર્મમાં ચોથું જ્ઞાન ગણ્યું છે. શાસ્ત્રોમાં પાંચમાં આરામાં ૪ જ્ઞાન માન્ય કર્યા છે. (ફક્ત પાંચમું કેવળજ્ઞાનનો નિષેધ છે અને કેવળજ્ઞાન, કેવળજ્ઞાન સ્વભાવ

> **જે ભાવે સત્ય ગ્રહ્યું,**
> **કર્યો અસત્યનો ત્યાગ,**
> **શુભા-શુભને છેદતાં,**
> **થયો શુધ્ધ પ્રકાશ.**

ગુણથી જ પ્રકાશીત થાય). ૪થું મન:પર્યવ જ્ઞાન માટે પણ સંસારી કે ત્યાગી બાહ્ય અવસ્થાનો ભેદ નથી. આવો સંસારી અવસ્થામાં પ્રચંડ આત્મબળથી પુરૂષાર્થ કરીને શુભનો આરંભ અને પરિગ્રહની પ્રકૃતિનો ક્ષય કરીને પાપ-પુણ્યથી પર બનીને નિષ્કામ કરૂણા દ્રષ્ટિનો ગુણ પ્રકાશાવ્યો. આ ગુણનાં કારણે અન્ય બાળજીવોને મોક્ષમાર્ગનાં પરિણામો આપવાની અને ધર્મનું માન લેવાની વૃતિનો ક્ષય થાય છે. ફક્ત નિષ્કામ કરૂણાં દ્રષ્ટિનાં યોગે સામે આવેલાં જીવોને બોધ આપે છે. પણ બોલાવીને બોધ આપતાં નથી. ત્યાં એમ કહેવાય કે **''સામે આવે તેને ટાળે નહીં અને ન આવે તેને બોલાવે નહીં''** અને નિષ્કામ કરૂણાં દ્રષ્ટિનાં કારણે પોતાનાં નિમિત્ત કારણથી અજ્ઞાન બાળજીવો અજ્ઞાનતાથી કે અજાણતાં જ્ઞાનની વિરાધના ન કરે તેવો સહજ ઉપયોગમાં રહે છે. (અન્યને પમાડવાની વૃતિ એ સકામ કરૂણાં દ્રષ્ટિ, પણ અન્ય જીવ પોતાનાં નિમિત્તે જ્ઞાન વિરાધના કરીને ભવ-ભવાંતરમાં ડુબે નહીં તેવી સમજણ વિચાર તે નિષ્કામ કરૂણા દ્રષ્ટિ). આવી નિષ્કામ કરૂણાં દ્રષ્ટિ બળવાન બનવાથી તેઓ ''કરૂણાંના સાગર' બન્યાં અને આ નિષ્કામ કરૂણાં દ્રષ્ટિનાં યોગે સંકલ્પ-વિકલ્પ રહિતની સ્થિતી પ્રાપ્ત કરી. (સદેહે મનોનાશથી) અને મનોનાશનાં કારણે જ મન:પર્યવ જ્ઞાન પ્રકાશીત થાય છે. સંકલ્પ-વિકલ્પ રહીતની સ્થિતીનાં કારણે નિર્વિચાર, નિર્વિષય, નિર્વિકલ્પ, નિર્મોહતાં પ્રાપ્ત કરી અને શુભ-અશુભનાં ક્ષયે, શુભ અને અશુભ ભાવનાં ક્ષયથી શુધ્ધ ભાવ અને શુધ્ધ ધ્યાનનો યોગનો (કેવળજ્ઞાન માટેનો પ્રાથમિક યોગ) આરંભ કર્યો (શ્રી તીર્થંકર પરમાત્મા સંસાર

> **હે ઉપયોગી તારા ઉપયોગ વગર,**
> **જગતમાંથી જે કાંઈ શુભા-શુભ ''ગ્રહણ'' થયું,**
> **તે સઘળું નિરઉપયોગી રહ્યું.**
> **''અને'' - તે**
> **નિરઉપયોગી જ ઉપદ્રવી બન્યું.**

ત્યાગીને ૭માં ગુણસ્થાનકનું મન:પર્યવ જ્ઞાન પ્રગટાવીને કેવળજ્ઞાન પ્રગટાવવા માટે કરેલો ''સહજ રાજયોગ''). તે રાજયોગથી આગળ વધવાનો પ્રારંભ એજ દ્રવ્ય અને ભાવ સહિતનું કેવળીપણું ગણાય. અને સ્વભાવ ગુણ પ્રગટે તો કેવળજ્ઞાન કહેવાય કે જેમાં ''કેવળજ્ઞાન'' છે. મનનો નાશ ૭માં ગુણસ્થાનકમાં થાય અને આગળ વધતાં નિર્મળ બુધ્ધિનો ક્ષય થાય અને મન અને નિર્મળ બુધ્ધિનો ક્ષય થયાં પછી જે જીવન રહે તે ફક્ત ''કેવળ જ્ઞાન'' રહે. કેવળ જ્ઞાન એટલે : ચૌદ રાજલોકમાં (લોકનું, અલોકમાં કશું નહીં) રહેલાં પદાર્થોનું જ્ઞાન જીવ કે અજીવનું અને જીવનું ભાવથી આગળ આત્માની પર્યાયોનું (ભાવ પ્રકાશીત પર્યાયોનું) ગુણધર્મનું જ્ઞાન જાણવાનું જ્ઞાન, અને સર્વ આત્મા સમાન છે, તેનું જ્ઞાન, તેનું નામ ''કેવળજ્ઞાન''.

અનુસંધાન પાના નં ૧૭ પર →

## * સંત-સંગનું-ફળ *

### ''સ્વભાવનાં જ્ઞાનને જ્ઞાન સ્વભાવ બનાવે''

**આત્માનુભવિનાં યા એક અવતારી મહાપુરૂષોનાં બોધને સંત-સંગ કહેવાય (અન્યનાં બોધને સ્વાધ્યાય કહેવાય) અને જે સ્થળે થાય તેને સંતસંગસભા કે ધર્મસભા કહેવાય અને તેમાં જવાવાળા બાળજીવોએ પૂર્વમાં જ્ઞાન વિરાધનાનો દોષ મંદ યા ટાળીને અને સત્યની ઝુરણાંનો ગુણ પ્રકાશ્યો હોય તેજ જીવો જઈ શકે છે, અન્ય જીવોને યોગ પ્રાપ્ત થતો નથી યા થાય તો જીવ મુઢતાંએ (જડતાએ) ટાળી દે છે. બાળજીવો સત્સંગસભામાં દોષો ટાળવાનો અને કષાયોને મંદ યા કાપવાનો ''ભાવ-વિચાર'' કરે તો બાળજીવોનાં દોષો અને કષાયો સહજતાંથી ક્રમિકપણે તુટી જાય છે, વિષયોમાંથી આસક્તિભાવ છુટીને ઉદાસીનભાવ આવે છે. અને અંતરમુખીપણું પ્રાપ્ત કરે છે. ''અંતરદશામાં સંગ ન ગમે, સંતસંગ ગમે''. રાગ-દ્વેષ અને પરનિંદા રહિત અને નિર્મળ બુધ્ધિએ જગત વ્યવહાર આદરભાવે-ઉપકારીભાવે નિભાવે, સંતકૃપાએ માગ્યા વગર (યાચકપણું ટળવાનાં ક્રમે) આરોગ્ય, અર્થ અને વૈચારિક સ્થિરતાં (સંતોષીપણું) સરળતાથી પ્રાપ્ત થાય છે, નામભાવ-માનભાવનો અજાણતાથી પણ ઉપયોગ થતો નથી, (સંતનું આશ્રીતપણું માન્ય ગણીને) તંત્ર-મંત્ર અને જ્યોતિષક ગ્રહોની અસરથી પર થાય છે, (સંત શ્રધ્ધાનું ફળ અનુભવિને) નિર્ભયતા પ્રાપ્ત કરે છે. અને શ્રી જિનભક્તિ, ભવ-ભવાંતરની સંજ્ઞા (આહાર-નિંદ્રા અને મૈથુન) ત્યાગીને જગત વ્યવહારની શરૂઆત પહેલાં (વહેલી સવારે) પ્રક્ષાલ ભક્તિ નિષ્કામ ભાવે સહજતાથી કરે છે. (સંત આજ્ઞા માન્ય ગણીને) અને શ્રી જિનભક્તિનો અનન્ય અનુભવ અનુભવમાં આવતાં શ્રી જિનભક્તિની શ્રધ્ધામાં ઉપકાર ભળતાં નિશંક શ્રધ્ધા જીવને થાય છે. (કારણ નિષ્કામ ભક્તિ). અનંતજ્ઞાનનાં કારણે બાળજીવને સત્યાંશજ્ઞાન પ્રાપ્ત થાય છે. અનંત દર્શનનાં કારણે જીવને પદાર્થનું (જીવ-અજીવનું) અનેક પ્રકારનાં સ્વરૂપનું (અનેક દ્રષ્ટિએ) ''અનેકાંતવાદ''નાં જ્ઞાનથી પ્રાપ્ત થવાથી અનાસક્તપણું આવે છે. અભ્યંતર ચારિત્રનાં કારણે બાળજીવને સરળતાથી (ત્યાગ વગર) બળવાન વૈરાગ્યભાવ પ્રાપ્ત થાય છે. અને અંતર અવલોકન કરતાં અનંત દોષો ટાળવાનો અલ્પ પુરૂષાર્થ કરે છે. બળવાન પરિણામને પામે છે. અનંતવીર્ય ગુણ લબ્ધીનાં યોગે બાળજીવોને આત્મીક ગુણોનો આદરભાવે-ગમવાં-માનવાં અને અનુભવતાં આત્મીક શાંતિ અનુભવિને કષાયોનો અભાવ થાય છે. અને ચેતનાં શક્તિ વિશેષ જાગૃત થવાથી નકારાત્મકભાવ ટાળીને-હકારાત્મકભાવ રાખીને-સકારાત્મક પરીણામો પ્રાપ્ત કરે છે. અને તેનાં ફળ સ્વરૂપે વિવેક જ્ઞાન-વિવેકભાનમાં પરીણામ પામીને વિવેક સંયમ ધારણ કરીને જીવન સ્વભાવ બની જાય છે, અને તેથી અનેક બાળજીવો ભાવે માર્ગાનુસારી (અલ્પ ભવોમાં મોક્ષ અધિકારી) બને છે. ઘણાં જીવો ભવમર્યાદા (વધીને ૧૫માં ભવે) મોક્ષગામી બને છે. અને બળવાન પુરૂષાર્થી જીવ વધીને ૮માં ભવે (સમાધી મરણ થકી) મોક્ષગામી બને છે. અને કોઈ-કોઈ જીવો વધીને પાંચમાં ભવે મોક્ષાર્થી બને ''તેવું ફળ'' બાળજીવો સંતસંગસભા-ધર્મસભામાં પ્રાપ્ત કરે છે અને જે સંત (એક અવતારી) આવા પરીણામ આપે છે તેઓ મોક્ષ પ્રભાવક શ્રી કેવળી ભગવંત ગણાય અને કહેવાય છે.**

**''સમ્યગ-દર્શનની પ્રાપ્તી સમ્યગજ્ઞાન થકી'' અને ''સમ્યગજ્ઞાનની પ્રાપ્તી સ્વરૂપપ્રાપ્ત સદ્‌ગુરૂ થકી''.**

**અનુસંધાન પાના નં ૧૬ થી ચાલું**

''અજ્ઞાનમાં જ્ઞાન રહેલું છે,
અને
જ્ઞાનમાં અજ્ઞાનનું સ્વરૂપ રહેલું છે''.
દરેક પદાર્થમાં જ્ઞાન અને અજ્ઞાન રહેલું છે.
''પદાર્થનાં ગુણ ધર્મ અને લક્ષણ એ જ્ઞાન,
અને
તેનું વિસર્જન (રૂપાંતર) એ અજ્ઞાન''.

**આ દેહનાં રંગ-રૂપથી,**
**કર્યા અનંતા ભવ,**
**ગ્રહ્યો સ્વરૂપનાં સાથને,**
**કર્યો ભ્રમણનો ભંગ.**

''જે જીવ પદાર્થમાં જ્ઞાન અને અજ્ઞાન જાણે તે જ્ઞાની અને જાણીને અન્ય બાળજીવોને તે પદાર્થનું જ્ઞાન-અજ્ઞાનનો ભેદ પમાડે તે ભેદજ્ઞાની''. (૭માં ગુણસ્થાનકની અને આગળની અવસ્થાની વિશેષ વિચારણાં ભાવિ લેખાંકોમાં યોગે કરીને વિચારશું). આવો બળવાન આત્માનો ઉપયોગથી વર્તે ત્યારે જીવ ફક્ત કર્મનાં ઉદયથી જીવન વિતાવે છે અને ત્યારે તેમની ઈચ્છા રહિતની સ્થિતી પ્રાપ્ત થાય છે, જેમ કે...

**''જગતમાં જે-જે ''જણને'' જાણીને,**
**''જણની'' જાણકારી જાણવાં,**
**જાણકારી જણાવવા જણાવ્યું,**
**તે ''જણેજ''**
**''જણને'' જણી નાખ્યો''.**

૧) જીવન જીવવાની ઈચ્છા ન હોય, મરણની ઈચ્છા ન હોય.
૨) મોક્ષની ઈચ્છા ન હોય, ભ્રમણની ઈચ્છા ન હોય.
૩) ધર્મ આપવાની ઈચ્છા ન હોય, ધર્મ ન આપવાની ઈચ્છા ન હોય.
૪) સંસારમાં રહેવાની ઈચ્છા ન હોય, ત્યાગની ઈચ્છા ન હોય.
૫) સંગની ઈચ્છા ન હોય, અસંગની ઈચ્છા ન હોય.
૬) નગરમાં રહેવાની ઈચ્છા ન હોય, વનમાં જવાની ઈચ્છા ન હોય.
૭) સુવાની ઈચ્છા ન હોય, જાગવાની ઈચ્છા ન હોય.
૮) આહારની ઈચ્છા ન હોય, અણહારની ઈચ્છા ન હોય.
૯) સુખની ઈચ્છા ન હોય, દુ:ખની ઈચ્છા ન હોય.
૧૦) સત્સંગની ઈચ્છા ન હોય, સત્સંગ રહિતની ઈચ્છા ન હોય.
૧૧) આઠમાં ગુણસ્થાનકની ઈચ્છા ન હોય અને આઠમાં ગુણસ્થાનક વગરની પણ ઈચ્છા ન હોય.

**''જ્ઞાન એ માર્ગનો પ્રકાશ છે, ''અને''**
**એ માર્ગમાં જે પ્રકાશીત થાય છે**
**એ જ્ઞાન જ છે.''.**

આવા અનેક પ્રકારની ઈચ્છા રહિતની સ્થિતી સંસારમાં રહીને સંસારી અવસ્થામાં પ્રાપ્ત કરવી એ મુશ્કેલ નહીં, પણ અતિ મુશ્કેલ છે. અને તે પ્રાપ્ત થયા પછી જીવન જીવવું એ અત્યંત દુશ્કર છે, છતાં શ્રીમદ્ રાજચંદ્ર કેવળી ભગવંતે તે શ્રાવકપણાંની સ્થિતીમાં પ્રાપ્ત કર્યું અને તેનું કારણ પૂર્વનાં ભવોમાં પ્રાપ્ત કરેલું ''સમ્યગદર્શન'' કે જે સમ્યગદર્શનને શ્રી તીર્થંકર પરમાત્માથી લઈને સર્વ જ્ઞાની મહાપુરૂષોએ અત્યંત ભક્તિભાવથી વંદના કરી છે અને શ્રી તીર્થંકર પરમાત્માએ અને શાસ્ત્રો રચયતાંએ કેવળજ્ઞાન માગવાનું નથી કહ્યું પણ સમ્યગદર્શનની પ્રાપ્તી કરવાનું કહ્યું છે. જીવ જ્ઞાનની વિરાધનાથી બચતો બચતો, મોક્ષમાર્ગનાં જ્ઞાનની નજીક આવે અને નજીક આવીને જ્ઞાનની આરાધનાં કરીને સમ્યગદર્શન પ્રાપ્ત કરે અને સમ્યગદર્શન સહિત બાકીનાં ભવો પૂર્ણ થતાં (મર્યાદિત ભવો) કેવળજ્ઞાન પ્રકાશીત થાય અને કેવળજ્ઞાનનાં પ્રકાશીતપણાંથી એજ ભવમાં મોક્ષ પ્રાપ્ત થાય. સમ્યગદર્શનની પ્રાપ્તી માટે તેનાં પ્રમુખ પાંચ અંગોની સરળતાથી કેમ અને કેવી રીતે આરાધન કરવી અને મનુષ્યપણાનું અને જૈનકુળનું સાર્થકપણું કેમ કરવું તેની વિચારણાં યોગે કરીને કરશું. આવા પરમ ઉપકારી-પાવનકારી-મહાપુરૂષ, જૈનધર્મનાં જ્ઞાનમાર્ગનાં



**જ્ઞાન ''એજ'' જ્ઞાન છે.**
**સર્વ સમયે આનંદમાં રહેવું એજ જ્ઞાન ધારણનું પ્રગટ લક્ષણ,**
**જ્ઞાન એજ આનંદીપણું છે.**
**અને**
**આનંદીતપણું એજ અંતરંગ જ્ઞાનદશા છે.**
**આનંદને અનુભવવો એજ જ્ઞાન સ્વભાવ છે.**
**અને**
**દુ:ખોનું વેદન એજ અજ્ઞાન સ્વભાવ છે.**
**જેટલો સમય શ્રી જિનનાં બોધેલા નિશ્ચયબોધમાં રહેવું એ જ્ઞાન અનુભવ સ્વભાવ છે.**
**અને**
**જેટલો સમય શ્રી જિનનાં બોધને વિસ્મરીને અન્ય બોધમાં રહેવું એ અજ્ઞાન સ્વભાવ છે.**
**શ્રી જિનનાં બોધનું જ્ઞાન એ સમાધી છે.**
**અને**
**અન્ય બોધનું જ્ઞાન એ ઉપાધી છે.**
**સમાધી એ આનંદની અનુભુતિ છે.**
**અને**
**ઉપાધી એ અપ્રસન્નતાનું સમાધાન છે.**
**સ્થિરતા એ શ્રી જિનનાં બોધનું ફળ છે.**
**અને**
**અસ્થિરતાં એ શ્રી જિનનાં બોધનું વિસ્મરણ છે.**
**જ્ઞાન એજ સર્વ અવસ્થાએ સ્થિરતા છે.**
**અને**
**સર્વ અવસ્થાએ સ્થિરતા એજ આનંદ છે.**
**આનંદ એજ જ્ઞાન છે.**
**અને**
**જ્ઞાન એજ આનદનું બોલતું સ્વરૂપ આનંદજ્ઞાન છે.**
**આનંદજ્ઞાનથી જ કેવળજ્ઞાનનું પ્રકાશીતપણું**
**અને**
**કેવળજ્ઞાનનાં પહેલાની અવસ્થા એજ આનંદજ્ઞાન.**
**જ્ઞાન એજ જ્ઞાન છે.**
**જ્ઞાનનું પ્રગટ લક્ષણ આનંદ**
**અને**
**આનંદનું ગુપ્ત કારણ જ્ઞાન.**

પુન:પ્રકાશીત કરનાર પ્રથમ એક અવતારી શ્રીમદ્ રાજચંદ્ર કેવળી ભગવંતની અત્યંત પરમ ઉપકારી ભાવે અને જૈન સંપ્રદાયનાં બાળજીવોનાં આધાર-ઉધ્ધારકની સર્વ સમયની નમ્રતા સહિતની અહોભાવથી કોટી કોટી વંદના.

અને જે બાળજીવો તેમનાં લખાણો વાંચ્યા વગર સંસારી શ્રાવક ગણીને તેમનું વાંચન ન વંચાય તેવું કહે છે (કારણ મિથ્યાત્વનું આપે છે) તેવાં બાળજીવો શાસ્ત્રો શિખવાં જે પંડિતો પાસે જાય છે, કે પાસે બેસીને શાસ્ત્રો ભણે છે, ત્યારે પ્રથમ સવાલ એ પંડિતની સંસારી અવસ્થા અને ગુણોની અવસ્થા કેવી તે જાણે છે. અને શાસ્ત્રો ભણાવનાર સંસારમાં રહેલા જીવે શાસ્ત્રનું વાંચન અને ભણતર કરાય પંડિત બનવા માટે, શાસ્ત્રો વાંચવાનું સંસારીને સ્વિકાર્ય છે. આનો શાસ્ત્રોમાં શું અભિપ્રાય છે. આવા બાળજીવોએ વિચારવું જોઈએ કે મોક્ષમાર્ગનાં જ્ઞાનમાર્ગને પુન: પ્રકાશાવનાર કેવા જ્ઞાનાવતાર પુરૂષ હશે અને ત્યાગ વગર ફક્ત વૈરાગ્યનાં બળે લાખો જીવોને (ગેરહાજરમાં) માર્ગમાં મુકી શકે છે, તો કેવું યોગબળ, જ્ઞાનબળ અને નામકર્મ હશે તેનો વિચાર બાળજીવો કરે, તેમને માનવાનાં નથી, તેમને વાંચવાનાં અને જાણવાનાં છે. અને પછી પોતાનાં સંપ્રદાયનાં આત્મલક્ષી શ્રી ધર્માચાર્યની નિશ્રામાં રહીને આત્મકલ્યાણની આરાધના કરીને આત્માનું કલ્યાણ કરવાનું છે. એજ શ્રી તીર્થંકર પરમાત્માની આરાધન ભક્તિ ગણાય.

ભાવિ લેખાંકમાં યોગે કરીને ૭માં ગુણસ્થાનકનાં વિશેષ ગુણો, લક્ષણોની અને ૮માં ગુણસ્થાનક અને કેવળજ્ઞાનની અને વર્તમાન કાળનો જ્ઞાન સહિતનો ભક્તિમાર્ગ શા માટે શ્રેષ્ઠ અને તેમાં રહેલાં અટકવાનાં કારણો અને પાપ-પુણ્ય થકી થતી જ્ઞાનની વિરાધના અને જ્ઞાનની વિરાધના જીવ મુખ્યે કરીને શ્રી તીર્થંકર પરમાત્માની વિરાધના કરીને બળવાન જ્ઞાન વિરાધના કેમ કરે છે, તેની ભાવિ લેખાંકોમાં યોગે કરીને વિચારણાં કરીશું.

શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામીનાં જ્ઞાનમાર્ગનાં શ્રી તીર્થંકર પરમાત્માના નિર્વાણ પછી લગભગ ૨૪૫૦ વર્ષે થયેલાં શ્રી તીર્થંકર પરમાત્માનાં જ્ઞાનમાર્ગનાં પ્રથમ પુન: પ્રકાશક એક અવતારી શ્રીમદ્ રાજચંદ્ર કેવળી ભગવંતનું તેમનાં સ્વહસ્તે લખાયેલું લખાણ વર્તમાન કાળમાં બાળજીવોને મળયું તે બાળજીવોનું સદ્ભાગ્ય ગણાય અને

**શ્રી જિનનાં ઉપદેશથી,**
**થયો આત્મ વિકાસ,**
**સદ્ગુરૂનાં શરણથી,**
**થયો માર્ગ પ્રકાશ.**

સાથે આરાધન માટે આત્મલક્ષી શ્રી ધર્માચાર્યોનો યોગ પ્રાપ્ત થયો તે ભવ સાર્થક કરવાનું બળવાન સાધન કારણ ગણાય. **વર્તમાન કાળમાં આત્મલક્ષી શ્રી ધર્માચાર્યોની સંખ્યા ભલે મર્યાદિત હોય પણ થોડા સમયમાં નિશ્ચયબોધનાં બોધક શ્રી ધર્માચાર્યોની સંખ્યા અમર્યાદિત થશે, અને એજ શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં શાસનનો પ્રભાવ અને સંતપુરૂષોનાં યોગબળનું કારણ અને શાસનદેવી શાસન માટે જાગૃત છે તે તેની પ્રતિતી કરાવશે અને જૈનં જયતિ શાસનમ્ સિધ્ધ થશે. અને સવિ જીવ કરૂં શાસન રસી એ સૂત્ર યથાર્થ થાય તેવી શ્રી પરમાત્મા પાસે યાચકભાવે નમ્ર ભક્તિ સહિતની પ્રાર્થના. સિધ્ધાંતધારી માં ભગવતી શાસનદેવી, સિધ્ધાંતનાં સ્થાપક, સિધ્ધાંત સ્વરૂપ શાસ્ત્રો અને શાસ્ત્રોનો સાર સ્વરૂપ સિધ્ધાંત ધારકોની સહજતાથી સહાયતા કરે છે, (રક્ષા કરે છે). અને સિધ્ધાંતમાં રહીને સિધ્ધાંતને રક્ષે છે, તેમાં ''સમાધાનને સ્થાન નથી''.**

એક અવતારી જ્ઞાનાવતાર લઈને આવેલા શ્રી કેવળી ભગવંત ગણાય અને તેઓ આખા જૈન ધર્મમાં ધર્મને પુન: પ્રગટાવવાનું કાર્ય કરવાથી હાજરમાં અનેક જીવોને સમ્યગદર્શન, સમાધિમરણ જેમાં આત્મા દેહને જોવે છે, અને દેહનું નાશવંતપણું અનુભવિને સમાધીમરણ આનંદસહિત પામે છે, (વધીને ૮માં ભવે મોક્ષ), અને અમુક જીવોને દ્રવ્યથી ક્ષાયિક સમકિત (વધીને ૫માં ભવે મોક્ષ) અને ઘણાં જીવોને ભાવે માર્ગનુસારીપણું પ્રાપ્ત કરાવે, આવી રીતે હાજરમાં અનેક જીવોને પરિણામો પ્રાપ્ત કરાવીને સહજતાથી બળવાન પુણ્યનું ઉપાર્જન કરીને અને તે નામકર્મમાં રૂપાંતર થઈને તેમની ગેરહાજરીએ પણ લાખો જીવો પરિણામી બનવાથી અને તેમાં તેઓ નિમિત્ત કારણ બનવાથી લાખો જીવો માર્ગની નજદીક આવે તેથી તેઓ સદેહે **મોક્ષ પ્રભાવક** અને પછી **જ્ઞાન પ્રકાશક** બને છે. અને તેઓ આખાં ધર્મ સંપ્રદાય ઉપર ઉપકાર કરે છે. તેથી તેઓ **ધર્મનાં સંત** કે **લોકસંત** કહેવાય.

**શ્રી મહાવીરનાં માર્ગમાં,**
**થયા જીવ અનાથ,**
**નિશ્ચય ધર્મ સ્થાપીને,**
**કર્યા બાળ સનાથ.**

૭માં ગુણસ્થાનકમાં આવીને જ્ઞાની મહાપુરૂષો મનોનાશ કર્યો હોવાથી ઈચ્છા રહીતની સ્થિતી પ્રાપ્ત થાય છે, તેનાં ફળ સ્વરૂપે વિચાર વિહીનતા પ્રાપ્ત થાય છે, તેનાં ફળ સ્વરૂપે સંકલ્પ-વિકલ્પ રહીતની સ્થિતી આવતાં ભવનું, આયુષ્ય-ગોત્ર-નામકર્મ વિગેરે બંધ બાંધીને ભવ બાંધવાની પ્રકૃતિને છેદીને જન્મ લેવાની ઈચ્છાનો ક્ષય કરીને ઈચ્છા રહીતની સ્થિતી પ્રાપ્ત કરે છે. ત્યારે સદેહે મનોનાશ થાય છે. મનોનાશ થવાથી સર્વ ઈચ્છાઓ રહીત થાય છે. (જન્મ ઈચ્છાનાં ક્ષયે-મરણનાં ભયનો ક્ષય થાય છે અને તેથી ભય પ્રકૃતિનો ક્ષય થવાથી નિર્ભયતા પ્રાપ્ત થાય છે.)

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.